# ફોન કોલ, રેસ્ટોરન્ટ, બ્યુટી પાર્લર આજથી મોંઘા

## વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન વધારાના ૧૮૬૬૦ કરોડ ઉભા કરવાની તૈયારી : એરકન્ડીશન્ડ રેલવે કોચ અને વિમાની યાત્રી પણ વધારે મોંઘી બની

નવી દિલ્હી,તા. ૧

ટેલિફોન કોલ, રેસ્ટોરન્ટ બિલ અને અન્ય ઘણીબધી ચીજો આજથી વધુ મોંઘી બની ગઈ હતી. જેથી મોંઘવારી વચ્ચે આજથી સામાન્ય લોકો ઉપર વધુ બોજ આવી ગયો છે. બજેટમાં નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે જાહેરાત કરી હતી તે અમલી બની ગઈ છે. બજેટમાં સર્વિસ ટેક્સને ૧૦ ટકાથી વધારીને ૧૨ ટકા કરવાની નાણામંત્રી પ્રણવ મુખર્જીએ બજેટમાં જાહેરાત કરી હતી. ૧૨ ટકા સર્વિસ ટેક્સ વેટ અમલી બની ગયો છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન વધારાના ૧૮૬૬૦ કરોડ રૂપિયા ઉભા કરવાના હેતુસર પ્રણવ મુખર્જીએ સર્વિસ ટેક્સમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. આ દરખાસ્તનો મતલબ એછે કે એરકન્ડીશન્ડ રેલવે કોચ, કુરિયર સર્વિસ, કોચિંગ ક્લાસ સહિતની સેવાઓ મોંઘી થશે. પહેલી એપ્રિલ ૨૦૧૨થી આ સેવા મોંઘી થઈ ગઈ છે.

ટેલિફોન કોલ પણ મોંઘા થઈ ગયા છે. સર્વિસ ટેક્સ ૧૨૦ સર્વિસને લાગુ પડે છે જેમાં વિમાની યાત્રી, લાઈફ ઈન્સોરંસસ, બ્યુટી પાર્લર, એડવરટાઈજમેન્ટ, ડ્રાઈક્લીનીંગ, હેલ્થ ક્લબ, કેબલ ઓપરેટર,ક્રેડિટ કાર્ડ, અને ક્રેડિટ રેટીંગ સંયુક્તની સેવાનો સમાવેશ થાય છે.

ગયા મહિને પ્રણવે પોતાના બજેટ ભાષણમાં કહ્યુ હતુ કે તેઓ સર્વિસ ટેક્સ રેટ ૧૦ ટકાથી વધારીને ૧૨ ટકા કરી રહ્યા છે. આનાથી ૧૮૬૬૦ કરોડની વધુ રકમ ઉભી થશે. સરકારે વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન સર્વિસ ટેક્સમાંથી ૧.૨૪ લાખ કરોડ રૂપિયા એકત્રિત કરવાની યોજના ધરાવે છે.

જે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયના ૯૫૦૦૦ કરોડ કરતા વધારે છે. સર્વિસ હેક્ટર દેશના જીડીપીમાં ૫૯ ટકાનુ યોગદાન આપે છે. સર્વિસ ટેક્સની જાળને વધુ વિસ્તૃત બનાવાના હેતુસર પ્રધાને નેગેટિવ યાદીનો ઉલ્લેખ કર્યો હતો. જેના માટે જાહેરનામુ મોડેથી જારી કરવામા આવશે. નેગેટિવ યાદીની દરખાસ્ત હેઠળ સર્વિસ ટેક્સ યાદીમાં ઉલ્લેખ કરવમાં આવેલી સેવાઓ સિવાય તમામ સેવાઓ ઉપર લાગુ થશે. હાલમાં હકારાત્મક યાદીના આધાર ઉપર ટેક્સ લાગુ પડે છે. આનો મતલબ એ થયો કે ચોક્કસ સર્વિસ ઉપર તે લાગુ થાય છે. સર્વિસની નકારાત્મક યાદી ઉપર હવે ટેક્સ લાગુ થશે જેમા મનોરંજનના કાર્યક્રમો, એમ્યુજમેન્ટની સુવિધાઓ, રેડિયો ટેક્સી અને ઓટો રિક્સાનો સમાવેશ થાય છે. અન્ય મહત્વપૂર્ણ સેવાઓ જેમા ટેક્સ લાગુ થતા નથી. તેમાં અંતિમ સંસ્કાર, દફનવિધિ, અને મૃતકોના પરિવહનનો સમાવેશ થાય છે. નકારાત્મક યાદીની વાત કરતી વેળા સરકારે કહ્યુ છે કે ફર્સ્ટ કલાસ અને એરકન્ડીશન્ડ રેલવે કોચમાં યાત્રા ઉપર ટેક્સ લાગુ થશે.

## ચેક અને ડ્રાફ્ટ હવે માત્ર ૩ મહિના માટે જ માન્ય રહેશે

નવી દિલ્હી, તા. ૧

ચેક અને ડ્રાફ્ટ હવે માત્ર ત્રણ મહિના માટે જ માન્ય હશે. અગાઉ આ સમય મર્યાદા છ મહિનાની હતી. હવે ચેક અને ડ્રાફ્ટ જારી કરવાની તારીખથી ત્રણ મહિનાથી વધુ સમય થઈ જશે તો ચેક અને ડ્રાફ્ટ બેંકો દ્વારા સ્વીકાર કરવામાં આવશે નહી. ભારતીય રિઝર્વ બેંકે ચેક, બેંક ડ્રાફ્ટ અને આ પ્રકારની બેંકિંગ સુવિધાઓની કાયદાકીય અવધી ઘટાડીને ત્રણ મહિના કરી દીધી છે. આ આદેશ આજથી અમલી બની ગયો છે. રિઝર્વ બેંકે પોતાના આદેશમાં કહ્યુ છે કે પહેલી એપ્રિલ ૨૦૧૨થી બેંકો એવા ચેક, ડ્રાફ્ટ અને પે ઓર્ડર અથવા બેંકર્સ ચેકની ચુકવણી કરશે નહી જે જારી કરવાની તારીખના ત્રણ મહિના બાદ રજૂ કરવમા આવશે. રિઝર્વ બેંકે સ્પષ્ટતા કરતા કહ્યુ છે કે ઘણી ફરિયાદો મળ્યા બાદ આ પ્રકારનો નિર્ણય કરવા આવ્યો છે. કેટલાક લોકો છ મહીનાની મંજૂર કરવમાં આવેલી મર્યાદાનો દુરુપયોગ કરી રહ્યા છે તેવી ફરિયાદ મળ્યા બાદ બેંકોને આ પ્રકારની સુચના આપવામા આવી છે. તેમને ઉપયોગ રોકડ તરીકે કરવામાં આવી રહ્યો છે. બેંકના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે રિઝર્વ બેંકનુ આ નિર્ણય બિલકુલ યોગ્ય છે કારણ કે ચેક અથવા ડ્રાફ્ટ માટે ત્રણ મહિનાની અવધિ પૂરતી છે.

## ૬ રાજ્યોમાં ટપાલ વિભાગ દ્વારા ૧૦૦૦ એટીએમ સ્થાપિત કરાશે

નવી દિલ્હી, તા. ૧

ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ (ડીઓપી) દેશના છ રાજ્યોમાં ૧૦૦૦ ઓટોમેટેલ ટેલર મશીન (એટીએમ) સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. જે છ રાજ્યમાં ૧ હજાર એટીએમ સ્થાપિત કરવમા આવનાર છે. તેમા આસામ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, અને તમિલનાડુનો સમાવેશ થાયે છે. ટોચના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે અમે અમારી આધુનિક ટકનોલોજીનો ઉપયોગ કરીને આ વર્ષના અંત સુધી છ સર્કલમાં એટીએમ સ્થાપિત કરીશુ. આનાથી લોકોને મહત્વપૂર્ણ બેંકિંગ સુવિધાનો લાભ મળી રહેશે. તબક્કાવાર રીતે ૧ હજાર એટીએમ સ્થાપિત કરાશે. આ પ્રક્રિયા વર્ષના અંત શરૂ થશે. ડીઓપી દ્વારા પાંચ ટોચની ટેકનોલોજી કંપનીની પસંદગી કરવામા આવી છે. ઈન્ફોસિસને બે પ્રોજેક્ટ માટે લેટર ઓફ ઈન્ટેન્ટ જારી કરવામા આવ્યા છે. જ્યારે ટાટા કન્સલટન્સી સર્વિસ, રિલાયન્સ કોમ્યુનિકેશનને પણ મંજૂરી આપવામા આવી છે. ડિપાર્ટમેન્ટ આ વર્ષના અંત સુધી આ પ્રોજેક્ટોપૈકીના કેટલાકને અમલીપણ બનાવી દેશે. પાઈલોટ આધાર પર છ રાજ્યોમાં આ પ્રોજક્ટ શરૂ થશે. આના માટે વધારાના ફંડની પણ માંગણી કરવમાં આવનાર છે. ૧૮૭૭-૨૦ કરોડની રકમ મંજૂર કરવામા આવી ચુકી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે વિભાગ દેશમાં તમામ ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસને ૨૦૧૩ સુધી કોમ્પ્યુટરરાઈઝ કરી દેશે.

## કેજરીવાલને કેન્દ્રીય પ્રધાન વીરભદ્રની આખરે નોટિસ

નવી દિલ્હી, તા. ૧

ટીમ અણ્ણાના સભ્ય અરવિંદ કેજરીવાલની તકલીફ દિન પ્રતિદિન વધી રહી છે. અરવિંદ કેજરીવાલ હવે વધુ મુશ્કેલેમીમાં મુકાઈ ગયા છે. કેન્દ્રીય પ્રધાન વીરભદ્ર સિંહે અરવિંદ કેજરીવાલને કાયદાકીય નોટિસ ફટકારી દીધી છે. વીરભદ્ર સિંહે ૨૫મી માર્ચના નિવદેન બદલ માફી માંગવા અરવિંદ કેજરીવાલને કહ્યુ છે.

અરવિંદ કેજરીવાલે ૨૫મી માર્ચના દિવસે જંતર મંતર પરથી વીરભદ્ર સિંહ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ મૂક્યા હતા. તેમની સામે કેસ દાખલ કરવાની માંગણી પણ કરી હતી. માફી ન માંગવાની કેજરીવાલે વાત કર્યા બાદ વીરભદ્ર સિંહે કેજરીવાલને નોટિસ ફટકારી દીધી છે. આ અગાઉ લોકસભામાંથી પણ કેજરીવાલને વિશેષાધિકાર ભંગની નોટિસ મળી હતી. આ નોટિસના જવાબમાં કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓએ સંસદનુ અપમાન કર્યુ નથી પરંતુ સંસદમાં બેઠેલા કેટલાક લોકોનું જ અપમાન કરી રહ્યા છે. અરવિંદ કેજરીવાલના આક્ષેપોથી મોટાભાગના રાજકીય પક્ષો નારાજ છે. ટીમ અણ્ણા સામે મોટા ભાગના રાજકીય પક્ષો એક થઈ ગયા છે અને ટીમ અણ્ણાને ભીસમાં લેવાના પ્રયાસ શરૂ થઈ ગયા છે. અણ્ણાને રાજકીય પક્ષોનો ટેકો પણ સતત ઘટી રહ્યો છે.

## બાબા રામદેવ ત્રીજી જૂને જંતર મંતર પર અનશન કરવા તૈયાર

### કાળા નાણાને વિદેશી બેંકોથી સ્વદેશમાં લાવવા પર ભાર મૂકાશે : અનશનની મંજૂરી નહી મળે તો કોર્ટમાં પણ જશે

નવી દિલ્હી, તા. ૧

યોગ ગુરુ બાબા રામદેવે જાહેરાત કરી છે કે તેઓ ત્રીજી જૂનના દિવસે દિલ્હીમાં જંતર મંતર પર એક દિવસ માટે અનશન કરશે. બાબા રામદેવ ગયા વર્ષે થયેલા રામલીલા કાંડની વરસીના દિવસે આ અનશન કરશે. અનશન દરમિયાન બાબા રામદેવ ભ્રષ્ટાચારની સામે કઠોર કાયદાની માંગણી કરશે. સાથે સાથે બાબા કાળા નાણાને વિદેશી બેંકોમાંથી દેશમાં પરત લાવવાની માંગણી ઉપર પણ ભાર મૂકશે. આ જ દિવસે બાબા ભાવિ આંદોલનની રૂપરેખાની જાહેરાત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષ રામલીલા મેદાનમાં અનશન ઉપર બૈઠેલા બાબા રામદેવ અને તેમના સમર્થકો ઉપર પોલીસે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. જેમા ઘણાને ઈજા થઈ હતી. આ મામલો કોર્ટમાં પણ પહોચ્યો હતો. બાબા રામદેવે કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર અને કાળાનાણાની સામે આંદોલન જારી રહેશે. આ વખતે કરોડોની સંખ્યામાં લોકો દિલ્હી પહોંચશે. તેમણે ઉમેર્યુ હતુ કે જો સરકાર જંતર મંતર પર અનશન કરવાની મંજૂરી આપશે નહીં તો કોર્ટમા જશે. બાબાએ કહ્યુ હતુ કે આધુનિક સમયમાં રાવણ અને કંસની સંખ્યા વધી રહી છે. આવી સ્થિતિમાં દેશના દરેક નાગરિક ને રામ અને કૃષ્ણની ભૂમિકામાં આવવુ પડશે. વર્તમાન સરકાર રાવણ અને કંસ જેવુ વર્તન કરી રહી છે. ઝારખંડમાં રાજ્યસભાની ચૂટણી દરમિયાન ધારાસભ્યોને ખરીદી લેવાનો મામલો સપાટી ઉપર આવ્યો છે. બાબા રામદેવનુ કહવુ છે કે ભ્રષ્ટાચાર માટે લોકો કરતા સિસ્ટમ વધારે દોષિત છે. સિસ્ટમમાં ફેરફાર કર્યા વગર ભ્રષ્ટાચારનો અંત લાવી શકાશે નહીં.

## બીસીસીઆઈના પૂર્વ પ્રમુખ સાલ્વેનુ માંદગી બાદ નિધન

નવી દિલ્હી, તા.૧

પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પૂર્વ અધ્યક્ષ એનકેપી સાલ્વેનુ આજે હોસ્પિટલમાં અવસાન થયુ હતુ. સાલ્વે ૯૦ વર્ષના હતા. સાલ્વેના અવસાનની સાથે જ તેમના સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. વયોવૃદ્ધ થયા બાદ સાલ્વે ઘણી બિમારીથી ગ્રસ્ત હતા. તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા હતા. કોંગ્રેસના નેતા રહી ચુકેલા સાલ્વેનો જન્મ મધ્ય પ્રદેશના છીંદવાળામાં થયો હતો. સાલ્વે વર્ષ ૧૯૮૨-૮૫ વચ્ચે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ રહ્યા હતા. સાલ્વેએ ભારતમાં વિશ્વ કપનુ આયોજન કરાવ્યુ હતુ જે ખૂબ જ સફળ રહ્યુ હતુ. સાલ્વેના આ જ પ્રયાસના સન્માનમાં બીસીસીઆઈએ તેમના નામથી ૧૯૯૮માં વન ડે સ્થાનિક ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી. સાલ્વેએ હમેંશાથી ક્રિકેટમાં યુવાનોની ભાગીદારીને મહત્વ આપ્યો હતો. સાલ્વે ચેલેંજર ટ્રોફીનો હેતુ પણ એજ છે. સાલ્વે ચેલેંજર ટ્રોફીનુ આયોજન રણજી સત્રની શરૂઆત પહેલા ઓક્ટોબરમાં કરવામા આવે છે. મોડેથી આ ટુર્નામેન્ટનુ નામ બદલીને એનકેપી સાલ્વે ચેલેંજર સિરીજ કરી દેવામા આવ્યા બાદ આની લોકપ્રિયતા વધી હતી.

## VIP સુરક્ષા : ૫૦ હજાર કરતા વધારે જવાનો તૈનાત

દેશમાં પોલીસ અને વસ્તી વચ્ચે પહેલાથી રેશિયો ખુબ ઓછો છે ત્યારે દેસભરના ૧૬૮૦૦ અતિ વિશિષ્ટ લોકોની સુરક્ષામાં ૫૦૦૦૦ જવાનો તૈનાત છે. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૦માં ૨૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ૧૬૭૮૮ વીઆઈપીની સુરક્ષામાં ૫૦૦૫૯ સુરક્ષા જવાનો તૈનાત હતા. છ મહિનાથી વધારાની અવધિ માટે જે લોકોને સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી તેમાં કેટલાક પ્રધાનો, સાંસદ, ધારાસભ્યો, ન્યાયાધીશ અને અધિકારીઓનો સમાવેશ થાય છે. રસપ્રદ બાબત એ છે કે વર્ષ ૨૦૧૦માં આ વીઆઈપી ની સુરક્ષા માટે માત્ર ૨૮૨૯૮ પોલીસ કર્મચારીઓની તૈનાતીને મંજૂરી મળી હતી. ગયા શુક્રવારે કેન્દ્રિય ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે યોગ્ય માગણી કરવામાં આવ્યા બાદ સુરક્ષા આપવામાં આવી હતી.

# તમારા બ્લડ અને તમારા મનીનું પાણી - બ્લડ મની





'અર્થ', 'ડેડી', 'સારાંશ' જેવી ફિલ્મો જેમના નામે બોલે છે એવા નિર્માતા-દિગ્દર્શક મહેશ ભટ્ટ હવે અર્થહીન અને સારવિહીન ફિલ્મો માથે મારતા થઈ ગયા છે. ઈમરાન હાશ્મી બ્રાન્ડ ફિલ્મો આપીને બૉક્સ ઑફિસ પર કલેકશન મેળવવાનો કિમિયો હાથમાં આવી ગયો એટલે એવા બ્રાન્ડીંગ સાથે બજારમાં કંઈ પણ મુકીશું તો લોકો દોડતા આવી જ જશે એવી ખાંડ મુકેશ ભટ્ટ, મહેશ ભટ્ટ આણી મંડળીએ ખાઈ લીધી છે.

૧૯૮૭ માં આમીરખાન સ્ટારર ફિલ્મ 'હમ હૈં રાહી પ્યાર કે' માં બાળ કલાકાર તરીકે બૉલીવુડમાં આવેલા કુણાલ ખેમૂને હીરો તરીકે રજૂ કરીને મહેશ ભટ્ટ - મુકેશ ભટ્ટે વિશાલ મ્હાડકર નામના નવોદિત દિગ્દર્શકને દિગ્દર્શનની જવાબદારી સોંપીને 'બ્લડ મની' નામની ફિલ્મ બનાવી છે. જે ગયા શુક્રવારે રજૂ થઈ છે.

'બ્લડ મની' આમ તો ઑસ્કાર વિનીંગ હૉલીવુડ ફિલ્મ ફિલ્મ 'બ્લડ ડાયમંડ' પરથી પ્રેરિત છે. આખે આખું નામ જ પ્રેરિત છે ત્યારે વાર્તાની પ્રેરણાની તો વાત જ કયાં કરવી! માનનીય મહેશ ભટ્ટ સાહેબ પહેલાં તો ફિલ્મનું નામ 'કલયુગ-૨' રાખવાનાં હતા અને આમ જોઈએ તો સંજય દત્ત - કુમાર ગૌરવવાળી તેમની જ ફિલ્મ 'નામ' અને હમણાં છેલ્લે ઈમરાન હાશ્મીવાળી 'જન્નત' ની વાર્તાઓ એકબીજાની બેઠ્ઠે બેઠ્ઠી કૉપી જ છે. ભટ્ટ કૅમ્પને પ્રેરણા લેવા બહાર નથી જવું પડતું; પોતાની અગાઉની ફિલ્મો જ કાફી છે!!! ટૂંકમાં 'બ્લડ મની' આવી ભેળસેળીયા ફિલ્મ છે.

હીરો કુણાલ ખેમૂ નવપરણિત છે. નવોઢા અમ્રિતા પુરીને લઈને મુંબઈથી કેપટાઉન આવે છે. અનેક યુવાનોને પરદેશમાં સ્થાયી થઈને પૈસાદાર થવું હોય છે એવી જ મનોકામના સાથે કુણાલ ખેમૂ કેપટાઉન આવે છે. કેપટાઉનમાં ટ્રિનીટી ડાયમંડ નામની એક મોટી ડાયમંડ કંપની છે, જેના માલિક ઝવેરી બ્રધર્સ - ગુજરાતી છે. હીરાની લે-વેચની સાથોસાથ ઝવેરી બ્રધર્સ મનીષ ચૌધરી અને શેખર શુકલા સ્મગલીંગ પણ કરે છે અને આતંકવાદીને હથિયારો પણ સપ્લાય કરે છે. યુવાનીમાં જ દામ-નામ કમાઈ લેવાની ઉતાવળમાં કુણાલ ખેમૂ કયારે અન્ડર વર્લ્ડનો હાથો બની જાય છે તેની તેને પણ ખબર પડતી નથી. જયારે ભાન આવે છે ત્યારે તે શિક્ષિકા જેવી માનસિકતા અને પ્રમાણિકતા ધરાવતી પત્ની અમ્રિતા પુરીથી પણ ઘણો દૂર થઈ ગયો હોય છે. આખરે કુણાલ ખેમૂને બોધી વૃક્ષની નીચે ગ્રેવયાર્ડના બાંકડે જ્ઞાન લાધે છે કે, 'આ બધું ખોટું છે. હું આખી દુનિયા નહીં બદલી શકું પણ હું મારી દુનિયા તો બદલી જ શકીશ ને...' બસ થઈ રહ્યું. કુણાલ ખેમૂ એકલ પંડે હિંમત કરે છે અને પોલીસને પણ ફોડી ચૂકેલા ઝવેરી બધર્સ કે જે ખરેખર તો ઝાકરિયા બ્રધર્સ હતા; તેમનો પર્દાફાશ કરે છે. ફિલ્મના ક્રેડીટ ટાઈટલ્સમાં લેખક તરીકે ઉપેન્દ્ર સિધ્યેનું નામ છે પણ એમણે જાતે શું લખ્યું હશે તે તો તેઓ જ જાણે.

અભિનયની વાત કરીએ તો કુણાલ ખેમૂ જયારે બાળ કલાકાર હતો ત્યારે તેના અભિનયમાં પુખ્તતા હતી, પણ પુખ્ત હીરો તરીકે 'બ્લડ મની' માં તો તે હજુ બાળ કલાકાર જ લાગે છે. એક પણ દશ્યમાં તે પોતાના અભિનયનો અણસારો પણ આપી શક્યો નથી. ફિલ્મ 'આયેશા' માં પહેલીવાર દેખાયેલી હીરોઈન અમ્રિતા પુરીને પહેલીવાર સ્વતંત્ર અભિનેત્રી તરીકે તક મળી છે. ફિલ્મના દિગ્દર્શક વિશાલ મ્હાડકરના કહેવા પ્રમાણે અમ્રિતા પુરી - આરઝુની ભૂમિકા ઈમરાન હાશ્મીની વાઈફ પરવીન પરથી પ્રેરિત છે. વિશાલ મ્હાડકર અને પરવીન નાનપણથી એકમેકનાં મિત્રો છે, તે નાતે વિશાલ મ્હાડકર ઈમરાન હાશ્મીનો પણ મિત્ર છે. ઈમરાન હાશ્મીની પત્ની પરવીન નર્સરી ટીચર છે. 'બ્લડ મની' માં અમ્રિતા પુરીનું પાત્ર શ્રીમતી પરવીન ઈમરાન હાશ્મીનું જ પ્રતિબિંબ છે. અમ્રિતા પુરીએ પોતાને ફાળે આવેલી જવાબદારી સુપેરે નિભાવી છે. ઝવેરી - ઝાકરિયા તરીકે મનીષ ચૌધરી મેદાન મારી ગયા છે. 'બ્લડ મની' માં મનીષ ચૌધરીનો અભિનય એવો અસરકારક છે કે પ્રેક્ષકો વિલનના પડખે બેસી જવા રાજી થઈ જાય...! કેનેડિયન મૉડેલ મિયા ઉયેદાને વૅમ્પ જેવી ભૂમિકા મળી છે. ફિલ્મમાં મિયા ઉયેદાનો માત્ર ઉપયોગ જ થયો છે, તે પણ ખરાબ રીતે વેડફાટ જ કહી શકાય. ટૂંકમાં માત્ર એક વિલનને બાદ કરતાં બધું જ નબળું.






દિગ્દર્શક વિશાલ મ્હાડકરે ભટ્ટ કેમ્પમાં વર્ષોથી આસીસ્ટન્ટ તરીકે કામ કર્યું છે, પરન્તુ સ્વતંત્ર દિગ્દર્શક તરીકે એ હજુ 'સ્વતંત્ર' થયા જ નથી એવું લાગે. ફિલ્મમાં લખેલી સ્ક્રીપ્ટ જેમ વંચાઈ જાય એમ બધા પાત્રો પોતપોતાની રીતે પોતાના સંવાદો બોલી જાય છે. તેમાં પણ હદ તો ત્યારે થાય છે કે, કુણાલ ખેમૂની પત્ની અમ્રિતા પુરી વિલનો સામે લડતા પતિને ફોન પર એમ કહે છે કે 'વૈસે ભી મેં વિધવા હોકે મુમ્બઈ વાપસ જાના નહીં ચાહતી...!!!' આવો સંવાદ સાંભળીને તો સિનેમા હૉલમાં બેઠેલાં રળ્યાં ખળ્યાં પ્રેક્ષકોનો પણ હાયકારો નિકળી જાય છે.

ભટ્ટ કેમ્પની બધી ફિલ્મોની જેમ 'બ્લડ મની' ના બે-ત્રણ ગીતો સારા છે. આ ફિલ્મમાં સંગીતકાર પણ બે-ત્રણ છે. 'મૈં તો બસ તેરી ચાહત મેં...' રાહત ફતેહ અલી ખાનના અવાજમાં છે. જીત ગાંગુલીના સંગીત દિગ્દર્શનમાં આ ગીત લોકપ્રિય થયું છે. 'ગુનાહ કીયા દિલ મૈંને પ્યાર કા તોડકે...' મુસ્તફા ઝાહીદના સ્વરમાં જીત ગાંગુલીની સંગીત રચના પણ સાંભળવી ગમે છે. આ બંનેનું જ 'જો તેરે સંગ કાટી રાતેં' પણ ગમે તેવું છે. જીત ગાંગુલી ઉપરાંત સંગીત હલ્દીપુર અને સિધ્ધાર્થ હલ્દીપુર તથા પ્રણય આમ કુલ ચાર સંગીતકારોએ અલગ-અલગ ગીતોનું સંગીત તૈયાર કર્યું છે. આ બધા 'એફ.એમીયા' ગીતો ફિલ્મ ચાલશે ત્યાં સુધી ચાલશે.

ફિલ્મની સિનેમેટોગ્રાફી નિગમ બોમઝાનની છે, જેમાં કંઈ વિશેષ નથી. એડીટીંગ પણ સામાન્ય કલાનું છે.

'બ્લડ મની' માં જોવા જેવું કંઈ જ નથી. એટલે 'કંઈક' જોવા આવતા પ્રેક્ષકો મળી રહે એવા આશય સાથે ફિલ્મના પબ્લીસીટી પોસ્ટર્સને જરા વિશેષ રીતે આકર્ષક બનાવવામાં આવ્યા છે. જો કે પોસ્ટર્સ જોઈને 'કંઈક' જોવા જતાં પ્રેક્ષકો પણ કંઈ જ પામશે નહીં. ફિલ્મના પોસ્ટર્સ દ્વારા વિશેષ ફિલ્મ્સે વિશેષ પ્રકારના પ્રેક્ષકોને છેતરવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે...!

ટૂંકમાં બધા જ નવોદિતોને લઈને જૂની વાર્તાઓ પરથી બનાવાયેલી 'બ્લડ મની' માં કંઈ જ જોવા જેવું નથી. તમારા બ્લડ અને મનીનું પાણી કરે એવી છે 'બ્લડ મની.'